સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
જાતિ પ્રમાણપત્રો તથા ઉન્નત વર્ગના
પ્રમાણ પત્રોની ચકાસણી માટે વિશ્લેષણ
સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : સશ૫–૧૪૦૮–૧૭૫૬–અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: **17 APR 2010**.

**વંચાણે લીધાઃ**

(૧) આ વિભાગનો ઠરાવ ક્રમાંક : સશ૫–૧૪૯૬–૯૪૪–અ, તા.૨/૧૧/૧૯૯૬.

(૨) નામદાર સુપ્રિમકોર્ટ સ્પે.સી.એ. નં.૫૮૫૪/૧૯૯૪ નું તા.૨–૯–૧૯૯૪નું જજમેન્ટ.

(૩) આ વિભાગનો ઠરાવ ક્રમાંક : સશ૫–૧૪૦૮–૧૭૫૬–અ, તા.૧૯/૧૨/૨૦૦૮.

**ઠ રા વ :**

સરકારી નોકરીઓમાં તેમજ તબીબી / ઈજનેરી મહાવિદ્યાલયોમાં પ્રવેશ તથા અન્ય લાભો મેળવવાના હેતુસર બોગસ પુરાવા રજુ કરીને અનઅધિકૃત રીતે મેળવવામાં આવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ / ચકાસણી કરવા વંચાણે લીધેલ ક્રમાંક : (૩) સામેના તા.૧૯.૧૨.૨૦૦૮ના ઠરાવના ફકરા – ૧ અન્વયે નીચે દર્શાવ્યા પ્રમાણેની રાજય કક્ષાની એક વિશ્લેષણ સમિતિ (Scrutiny Committee) ની રચના કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી / અધિક સચિવશ્રી / સંયુકત સચિવશ્રી | અઘ્યક્ષશ્રી |
| (૨) | નિયામકશ્રી (વિકસતિ જાતિ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી (આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) | સભ્યશ્રી |
| (૪) | સંયુકત નિયામકશ્રી / નાયબ નિયામકશ્રી(વિ.જા.ક) (જાતિ પ્રમાણપત્રની કામગીરી સંભાળતા) | સભ્ય સચિવશ્રી |

૨. વધુમાં ઉપર્યુકત તા.૧૯.૧૨.૨૦૦૮ના ઠરાવ ના ફકરા નં.૩ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેનો તા.૨.૧૧.૧૯૯૬નો ઠરાવ રદ કરવામાં આવેલ છે. આ ઠરાવથી બિનઉન્નતવર્ગના પ્રમાણપત્ર અંગે કોને કોને અપીલની સત્તા છે તે નકકી કરવામાં આવેલ છે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના તા.૨.૧૧.૧૯૯૬ના ઠરાવના ફકરા–૩ અંગે પુખ્ત વિચારણાને અંતે બિનઉન્નતવર્ગના ખોટા અપાયેલ પ્રમાણપત્રોમાં નિર્ણય કરવા અંગેની સત્તાઓ આપવા બાબતમાં આથી નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

**(અ)** જિલ્લા કલેકટરશ્રીએ લીધેલ નિર્ણય સામે રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિને અપીલ કરવાની રહેશે.

**(બ)** પ્રાંત અધિકારીશ્રી / નાયબ કલેકટરશ્રી / મદદનીશ કલેકટરશ્રીએ લીધેલ નિર્ણય સામે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીને અપીલ કરવાની રહેશે.

**(ક)** મામલતદારશ્રીએ લીધેલ નિર્ણય સામે સંબંધિત પ્રાંત અધિકારીશ્રી / નાયબ કલેકટરશ્રી / મદદનીશ કલેકટરશ્રીને અપીલ કરવાની રહેશે.

૪. તા.૨.૧૧.૧૯૯૬ના ઠરાવની અન્ય તમામ બાબતો પુનઃ અમલી બનાવવાનું ઠરાવવામાં આવે છે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સરકારશ્રીની તા.૧૩.૪.૨૦૧૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ રાવલ )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વ માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (આ બાબત સબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓના ઘ્યાન ઉપર લાવવા તેમજ અન્ય આનુષાંગિક કાર્યવાહી સારું)
- નિયામકશ્રી, આદિજાતિ સંશોધન અને તાલીમ એકમ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.ક)/નાયબ નિયામક (વિ.જા.ક)

- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા પોલીસ વડાઓ.
- કમિશ્નરશ્રી, માહિતી ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (જરુરી અખબારી યાદી બહાર પાડવાની વિનંતી સહ)
- વિભાગ હેઠળના તમામ ખાતા / કચેરીઓના વડાઓ.
- વિભાગ હેઠળના તમામ બોર્ડ / કોર્પોરેશન.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.અને અધિ.વિ.) ના રહસ્ય સચિવશ્રી.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.